## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમે ભૂતકાળમાં ક્યારેય જોયું...?? અમે ક્યારેય ઉઘાડી લૂંટ કરી હતી...?? બોલો... હા કે ના...!!

# ‘ગુજરાત વીલ વૉટ’ના સ્લોગન સાથે મતદાર જાગૃતિ અભિયાન સઘન બનાવાયુ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વીલ વૉટના સ્લોગન સાથે ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાનને વ્યાપક બનાવવામાં આવી રહ્યાનું રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને આજે પત્રકારોને જણાવ્યુ હતુ. વિવિધ માધ્યમો દ્વારા મતદારો સુધી પહોંચી અને વી.વી.પેટ સહિતની બાબતોને લઈ મતદારોની જાગૃતિ વધે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વિદ્યાર્થીઓના માધ્યમ થકી ૫૦ લાખથી વધુ પરિવારોમાં નૈતિક મતદાન માટેના શપથપત્રક ભરાવવામાં આવશે. આ ઉપરાંત ૭૫ લાખથી વધુ મતદાન-જાગૃતિના પ્લેમફ્લેટનું વિતરણ કરવામાં આવનાર છે.

મતદાર જાગૃતિ માટે ચૂંટણી તંત્ર દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમ એવા યુટ્યુબ, ટ્વીટર અને ફેસબુક પર ચૂંટણી તંત્રના એકાઉન્ટ સક્રિય કરવામાં આવ્યા છે. જેમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતાં મતદારો મતદાન માટે વધુ જાગૃત બને તે અંગે રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા ગુજરાત વીલ વોટ નામનું સ્લોગન સોશિયલ મીડિયા પર વહેતુ કરવામાં આવ્યું છે. તદ્ઉપરાંત યુવા મતદારોને આકર્ષિત કરવા વિવિધ પ્રકારની પોસ્ટ મુકવામાં આવે છે. ચૂંટણી તંત્રના પ્રયાસોને ૧૫ લાખ જેટલા સોશિયલ મીડિયાના ઉપયોગ કર્તાએ પસંદ કર્યું છે.

# રાજ્યમાંથી ૧૫ કરોડનો દારૂ પકડાયો : સ્વૈન

ગાંધીનગર, તા. ૮

ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કુલ ૫૬,૪૦૬ પરવાનેદાર હથિયાર ધારકો છે. જે પૈકી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે રચાયેલી સ્થાનિક રિવ્યુ કમિટિ દ્વારા સમીક્ષા બાદ કુલ ૪૩,૫૯૦ પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવ્યા છે, જ્યારે ૨૯૬ પરવાના રદ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ચૂંટણી સંબંધી તકેદારીના પગલાના ભાગરૂપે પોલીસતંત્ર દ્વારા કુલ ૨૭,૭૦૦ બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા છે. તે ઉપરાંત, રાજ્યમાં અસુરક્ષા ઉભી કરે તેવા ૬૧૩ વ્યક્તિઓ સામે અટકાયતી પગલા લેવામાં આવ્યા છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીમાં તંત્ર દ્વારા પાડવામાં આવેલા દરોડામાં રૂ. ૬,૩૮ કરોડની કિંમતનો વિદેશી દારૂ તેમજ ૯.૦૭ લાખની કિંમતનો દેશી દારૂ તેમજ ૭.૯૧ કરોડની અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ ૧૪.૩૮ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

# ચ-૩ ગ્રાઉન્ડ ખાતે બીજી ડિસેમ્બરથી વંડર સિમેન્ટ ક્રિકેટ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૮

વંડર ક્રિકેટ મહોત્સવનો આજથી શુભારંભ થઈ ગયો છે. ગાંધીનગર શહેરના જાણીતા યુવાન ટીવી કલાકાર જનક ઠક્કરે રીબીન કાપીને ક્રિકેટના રથને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે દર્પણ બુચ અને દિપેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વંડર ક્રિકેટ મહોત્સવમાં કુલ ૪૮૦૦૦ ખેલાડીઓ ભાગ લેશે અને રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને અન્ય રાજયોમાં કુલ ૩૦૦ મેચ રમાશે. જે અંતર્ગત ગાંધીનગર શહેરના ચ-૩ ગ્રાઉન્ડ ખાતે પણ તા.૨ જી ડિસેમ્બરના રોજ મેચ યોજાશે. જયારે વંડર ક્રિકેટ મેચ ૭ ઓવરની અને ૭ ખેલાડીઓ વચ્ચે રમાશે. આ મેચમાં મહિલા ખેલાડી પાસે સાત રનનું બોનસ હોય છે. આ ક્રિકેટ મહોત્સવ સીધી, સાદી, સરળ અને મધુર સ્પર્ધા છે. આ મહોત્સવની ફાઈનલ મેચ ઉદયપુર ખાતે આગામી તા.૨૪ ડિસેમ્બરના રોજ યોજાશે

આ મહોત્સવનો મુખ્ય હેતુ મુળભુત સ્તરે ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવાનો છે. પરંતુ તેમનો લક્ષ્યાંક તો તેનાથી પણ ઉંચો છે. દેશના દરેક નાગરીક નાત, જાત, જાતિ, પંથ,રિવાજ, પહેરવેશના ભેદભાવ વગર એકબીજા સાથે હળેભળે એ સ્પર્ધાનો મુખ્ય હેતું છે. વંડર સિમેન્ટ દ્વારા વર્ષ ૨૦૧૫માં ક્રિકેટ મહોત્સવનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ ક્રિકેટ મહોત્સવમાં ગ્રામીણ પ્રતિભાઓને વિકસાવી તેમને યોગ્ય તક આપવાનો છે. વિશ્વની સૌથી મોટી ગ્રાહક સંલગ્નતા ઝુંબેશ જે ક્રિકેટની આસપાસ વણાયેલી છે.વંડર સિમેન્ટ સાથ ૭ ક્રિકેટ મહોત્સવનો મુખ્ય ઉદેશમાં સ્ત્રીઓ માટે આદર, તમામ સ્તરે લોકોમાં એકતા, યુવાનોનું સશકિતકરણ, સ્થાનિક સ્તરે રોજગારની રચના, પ્રતિભાશાળીઓને પ્રોત્સાહન આપવાનો છે.

# હવે, સેક્ટર-૨૨માં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની સમસ્યા

ગાંધીનગરના સેક્ટર-૨૨માં ચ-માર્ગ સ્થિત સુવિખ્યાત પંચદેવ મંદિરથી સેક્ટરના આંતરિક માર્ગ પર સ્ટ્રીટલાઈટના હારબંધ થાંભલાઓ પર સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં હોવાથી રાત્રિના સમયે આ વિસ્તારના નાગરિકો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. વળી, અત્યારે શિયાળાની ઋતુ હોવાથી સાંજે વહેલુ અંધારૂ થઈ જતુ હોવાથી આ સમસ્યા વધુ ઘેરી બનવા પામી છે.

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરના વિવિધ સેક્ટર્સમાં કેટલીક સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સમસ્યા ઉઠવા પામી રહી છે. હજુ સેક્ટર-૨૪માં હારબંધ સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સમસ્યા અંગેની શાહી સુકાઈ નથી ત્યાં સે. ૨૨માં પણ આ સમસ્યાએ માથુ ઉંચક્યુ છે. પંચદેવ મંદિરથી સેક્ટરના આંતરિક માર્ગ પર બંને તરફ રહેણાંક વિસ્તાર હોવાથી અહીં હારબંધ થાંભલાઓ પર સ્ટ્રીટલાઈટ બંધ હોવાની સમસ્યાથી રહેશીનો મુશ્કેલીમાં મુક્યા છે. રાત્રિના સમયે અમદાવાદ કે અન્ય સ્થળેથી અભ્યાસ કે નોકરી વ્યવસાય કરી પરત ફરતા વિદ્યાર્થીઓ, મહિલાઓ કે વડિલ નાગરિકો માટે આ સમયે જોખમ ખડુ થવા પામ્યુ છે. વળી આ માર્ગ પર રસ્તાનુ સમારકામ ચાલી રહ્યુ હોવાથી આ સમસ્યા ઝડપથી ઉકેલાય તેવુ લાગતુ નથી. જેના કારણે પણ રહીશોની સ્થિતિ કફોડી થવા પામી છે. શહેરમાં એલઈડી સ્ટ્રીટલાઈટોમાં વારંવાર બંધ થઈ જવાની કે લબૂકઝબૂક થવાની સમસ્યા વધી રહી છે જેનો સત્વરે ઉકેલ જરૂરી લાગે છે.

## ચૂંટણી ચોતરેથી

● સુરતના ન્યુ ટેક્ષટાઈલ્સ માર્કેટમાં મોદી..મોદી.. રાહુ... રાહુલના નારા લાગતાં ભારે ઉશ્કેરાટ ફેલાયો.

● મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જગન્નાથ મંદિરના દર્શન કરી બીજા દિવસે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

● મહેસાણાના પરા વિસ્તાર બલોલ, પાંચોટ અને તળેટી ગામોમાં ભાજપ માટે ૧૪૪ની કલમના બોર્ડ લાગ્યા.

● કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન અને જીતેન્દ્રસિંહ ગુજરાતમાં પ્રચાર અભિયાનમાં જોડાયા.

● ગોંડલ તાલુકાના બીલીયારા ગામે ભાજપ ભગાવોના બેનરો લાગ્યા.

● જેતપુરપાવીના પૂર્વ ધારાસભ્ય વેચાતભાઈ બારૈયાએ ભાજપમાંથી રાજીનામું આપ્યું.

● રાહુલ ગાંધીએ સુરતમાં ફાફડા, સેવ ખમણી અને લોચાનો સ્વાદ માણ્યો.

● જુનાગઢમાં નોટબંધીના સમર્થનમાં હસ્તાક્ષર અભિયાનમાં અમિત શાહ જોડાયા.

# શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ યોજાશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા નુતનવર્ષ નિમિતે આગામી તા.૧૦ નવેમ્બરને શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન શ્રી સોમનાથ મહાદેવ મંદિર સેકટર-૧૬ રંગમંચ સામે ગાંધીનગર ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, મહિલાપાંખ, યુવાપાંખના સંયુકત ઉપક્રમે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના સભ્યોના પરિવારનું સ્નેહમિલન સ્વરુચી ભોજન સાથે રાખવામાં આવેલ છે. સ્નેહમિલન સમારંભમાં સમયસર પધારવા તેમજ ભોજન અંગેના પાસ તા.૧૦ ના રોજ સાંજે ૭ વાગ્યા પહેલા કાર્યક્રમના સ્થળ પરથી મેળવી લેવાના રહેશે. ૭ વાગ્યા બાદ પાસનું વિતરણ કરવામાં આવશે નહીં જેની નોંધ લેવા સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા અનુરોધ કરાયો છે.



## ચિલોડામાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન

રાજ્યમાં રાજકીય પક્ષો દ્વારા આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં પ્રચાર પ્રસાર શરૂ થયો છે. ત્યારે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની બેઠકમાં ભાજપ દ્વારા મહાસંપર્ક તા. ૭મીથી ૧૨મી નવેમ્બર દરમિયાન ચિલોડા ગામે ભાજપના સક્રિય કાર્યકરો દ્વારા ડોર ટુ ડોર ગુજરાત ગૌરવ મહાસંપર્ક શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન જૈમિન પટેલ, ભાજપાના સક્રિય કાર્યકર અને ટીકીટના દાવેદાર રિન્કેશ પટેલ, ભાવેશ પટેલ તથા ગુજરાતી ગીતોના કલાકાર અને મહિલા પ્રબળ દાવેદાર શિલ્પાબેન ઠાકોર વગેરે કાર્યકર્તાઓ દ્વારા ભાજપના વિકાસ અંગેનો સંદેશો પહોંચાડવામાં આવી રહ્યો છે.

# ગાંધીનગર જિલ્લાના આર્યુવેદ અને હોમિયોપેથીક દવાખાનામાં શુક્રવારે બાળકોને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૮

આર્યુવેદ શાસ્ત્રોમાં બાળકોના સ્વાસ્થય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે બાળકનો જન્મ થાય ત્યારથી શું કરવું કે જેથી તે હંમેશા માટે નિરોગી બની રહે તેનું વર્ણન આર્યુવેદના ગ્રંથોમાં છે. બાળકના ઉત્તમ સ્વાસ્થય તથા તંદુરસ્તી માટે આર્યુવેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેધાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે.પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી વધુ બળવાન છે. આ નક્ષત્રની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. બાળકના શરીરમાં જયાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં તેને સૌથી વધારે પોષણની જરૂર પડે છે. જો પાંચ વર્ષ સુધી બાળકને સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ, બુધ્ધિ અને મેધામાં વધારો થાય છે. તથા શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકની રોગ પ્રતિકારક શકિત વધે છે.

આગામી તા. ૧૦ નવેમ્બરના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ સુધીમાં બાળકોને સુવર્ણ પ્રાસનના ટીંપા જિલ્લાના તમામ આર્યુવેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા દહેગામ તાલુકાના રખિયાલ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર પર આર્યુવેદ ઓપીડી શરુ કરી છે. ત્યાં પણ બાળકોને સુવર્ણ પ્રાંશનના ટીંપા પીવડાવવામાં આવશે તેમ જિલ્લા આર્યુવેદ અધિકારીએ જણાવ્યું છે.

# બુલેટ ટ્રેન સાથે હયાત રેલનું આધુનિકરણ કરાશે : ગોયલ

અમદાવાદ, તા.૮

અમદાવાદ આવેલા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે આજના દિવસને ઐતિહાસિક ગણાવતા નોટબંધી અને જીએસટીના નિર્ણયને દેશભરમા ભારે આવકાર મળી રહ્યો હોવાનુ જણાવતા દેશમા આગામી સમયમાં બુલેટ ટ્રેનના નિર્માણની સાથે હયાત



રેલ વ્યવસ્થાને આધુનિક બનાવવાની કામગીરી સમાંતર ચલાવવવામા આવશે એમ કહ્યુ છે આ સાથે જ તેમણે કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતા કહ્યુ કે,ભ્રષ્ટાચારમાં ગળાડૂબ કોંગ્રેસની સરકારને વિકાસના કામો માટે સમય જ મળ્યો ન હતો.રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે આગામી માસમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે એ અગાઉ આજે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયેલ અમદાવાદની મુલાકાતે હતા.તેમણે આજથી એક વર્ષ અગાઉ લેવામા આવેલા નોટબંધીના નિર્ણયને એક સાહસી કદમ હોવાનુ કહી નોટબંધીના નિર્ણય બાદ યોજાયેલી ચૂંટણીઓમાં ભાજપનો જંગી વિજય થયો હોઈ નોટબંધીના નિર્ણયને પ્રજાનુ સમર્થન હોવાનુ જણાવ્યુ હતુ.આ સાથે જ જીએસટી અંગે નિવેદન આપતા કહ્યુ કે,ગઈકાલે સુરતમાં ડાયમંડ વેપારી એસોશિએશન સહિત કેટલાક વેપારી સંગઠનોને મળવાનુ થયુ એ તમામે જીએસટીના નિર્ણયને આવકાર્યો છે.

આ નિર્ણયમાં જે નાની-મોટી વિસંગતતાઓ રહેલી છે એને દુર કરવા નાણામંત્રી અરૂણ જેટલીની અધ્યક્ષતામા જીએસટી કાઉન્સીલ દ્વારા હલ કરવાના પ્રયાસો જારી છે.આ ઉપરાંત ભવિષ્યમાં પણ આમા ફેરફારની શકયતાઓ રહેલી હોવાનુ તેમણે કહ્યુ છે.ગઈ બેઠકમાં ૧૦૦થી વધુ વસ્તુઓ પરના જીએસટીના દરમા ઘટાડો કરવામા આવ્યો છે.૧૦મીના રોજ વધુ એક બેઠક આ મામલે મળવાની છે.બુલેટ ટ્રેન મામલે પુછવામા આવેલા સવાલના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે,જાપાન દ્વારા ૮૮,૦૦૦ કરોડની લોન મામુલી દરે આપવામા આવી છે જેને કારણે દેશમાં મેક ઈન ઈન્ડિયાના અભિયાનને વેગ મળશે આ સાથે જ તેમણે હાલમાં દેશમાં જે રેલ વ્યવસ્થા છે તેના આધુનિકિકરણની પ્રક્રીયાને પણ વેગીલી બનાવવામા આવશે તેમ ભારપૂર્વક કહ્યુ હતુ.કોંગ્રેસ દ્વારા નોટબંધી અને જીએસટી મામલે કરવામા આવી રહેલા વિરોધ મામલે પૂછવામા આવતા તેમણે કહ્યુ કે,કોંગ્રેસ સરકાર તેના શાસનકાળમાં ભ્રષ્ટાચારમા ગળાડૂબ રહી જેને લઈને વિકાસના કામો માટે સમય જ ન મળ્યો.

# પોસ્ટ ઓફિસ રોકાણકારો પ્રત્યે સંવેદનશીલ બને : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં મળેલી ચિંતન બેઠકમાં શહેરની પોસ્ટ ઓફિસો સિનિયર સિટીઝન્સ તથા અન્ય રોકાણકારો પ્રત્યે સંવેદનશીલ બને તે અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. આ બેઠકમાં કેન્દ્ર સરકાર દ્વારા આયોજન ક્ષેત્રે સર્જીકલ ઈમ્પ્લાન્ટસમાં કરાયેલા ભાવ નિયંત્રણ બાબતે પણ ચિંતન કરવા સાથે વધુ સર્જીકલ ઈમ્પ્લાન્ટસનો ભાવ નિયંત્રણ હેઠળ લાવવા જોઈએ તેવો મત વ્યક્ત કરાયો હતો. આ ઉપરાંત બેઠકમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જયપ્રકાશ શાહ દ્વારા જીએસટીની વિસ્તૃત સમજૂતી અપાઈ હતી. બેઠકમાં પ્રમુખ જ્યોતિન્દ્ર દવે ઉપરાંત ભાનુપ્રસાદ પુરાણી, જયંત ભટ્ટ સુમંત શાહ, એસઆરડી મલિક, જે.સી. પરમાર, જીતેન્દ્ર ત્રિવેદી, સોમાભાઈ પરમાર, હસમુખ ઠાકર, નટુભાઈ ગજ્જર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકાર પોસ્ટ ઓફિસોને બેંકીંગ દરજ્જો આપીને ગ્રામકક્ષાએ બેંકીંગ સગવડો આપવાનો અભિગમ ધરાવે છે. પરંતુ ગુજરાતના કેપિટલ સીટી ગાંધીનગરમાં પણ પોસ્ટ ઓફિસોની હાલત ૧૮મી સદીના સમયની છે. અહી જૂના કાયદાઓ છે, જે તેના ગ્રાહકો-રોકાણકારો માટે અન્યાયકર્તા અને સમયનો વ્યય કરનારા છે. દા.ત. ખાતેદારની પાસ બૂક ખોવાઈ જાય તો ડુપ્લીકેટ મેળવવા માટે ફોર્મ ભરવુ પડે, જરૂરી નહિ હોવા છતાં પોલિસમાં એફઆઈઆર કરાવી તેનો રિપોર્ટ લાવવો પડે. આ વિધિ કરવામાં મહિનાઓ નીકળી જાય. પોલીસખાતામાં બિનજરૂરી કામનું ભારણ થાય. જ્યારે બેંકમાં પાસબૂક ડુપ્લીકેટ મેળવવા માટે માત્ર તેનો ચાર્જ ભરીને તરત મેળવી શકાય છે.

પોસ્ટ ઓફિસો કમ્પ્યુટરાઈઝ્ડ કરી છે પરંતુ કનેક્ટીવીટી ઈન્ટરનેટ વારંવાર ઠપ થઈ જાય છે, અથવા તદન ધીમી સ્પીડ હોય છે. પરિણામે વૃદ્ધ રોકાણકારોની લાઈનો લંબાતી જાય છે. કર્મચારીઓ તેમને હડધૂત કરે છે. ગાંધીનગરમાં દરેક પ્લોટમાં પોસ્ટ ઓફિસ બાંધવા માટે સરકારે પ્લોટ ફાળવ્યા છે. આજે વર્ષો પછી પણ ૫૦ ટકા પ્લોટ્સ પર પોસ્ટ ઓફિસ બંધાઈ નથી. નવા ગાંધીનગરમાં પોસ્ટ ઓફિસ માટે પ્લોટ્સ રિઝર્વ કરવાની કામગીરી તરત થવી જરૂરી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે ભારત સરકારને અનુરોધ કર્યો છે કે ગાંધીનગરની અને અન્ય પોસ્ટ ઓફિસોમાં પોસ્ટ ઓફિસની યોજનાઓમાં નાણા રોકાણકારો મુખ્યત્વે સિનિયર સિટીઝન છે, તેમના પ્રત્યે કર્મચારીઓ માનવિય સન્માનભર્યુ વર્તન કરે. રાજ્ય સરકારે ફાળવેલા પ્લોટ્સ પર પોસ્ટ ઓફિસોના પોતાના સુવિધાપૂર્ણ મકાનો તરત બાંધવામાં આવે, જુના કાયદાઓ સુધારી બેંકીંગ કાયદાઓ મુજબ અમલમાં લાવવામાં આવે તેવી ચર્ચા હાથ ધરાઈ હતી.

# જિલ્લામાં ચૂંટણી દરમિયાન લેવડ-દેવડના વ્યવહાર પર ચાંપતી નજર રખાશે

### ગાંધીનગર જિલ્લાની તમામ બેંકો અને પોસ્ટ ઓફિસના અધિકારીઓ સાથે યોજાયેલ બેઠક

વિધાનસભાની સામાન્ય ચૂંટણી લડતા ઉમેદવાર અથવા તેના ધર્મપત્ની કે સંતાનોના બેંક ખાતામાંથી રૂ. ૧ લાખ કરતા વધુ રકમ જમા કરાવવામાં આવે અથવા ઉપાડવામાં આવે ત્યારે તે અંગેની જાણ સંબંધિત બેંકે જિલ્લામાં નિમાયેલા બેંકના નોડલ અધિકારીશ્રી અને સંબંધિત આર.ઓ. ને જાણ કરવા માટેની સૂચના આજરોજ ગાંધીનગર એક્ષ્પેન્ડીચર મોનીટરીંગના નોડલ ઓફિસર શ્રી દેવાંગ દેસાઈની બેંક તથા પોસ્ટના અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજીઇ હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી શ્રી સતીશ પટેલે બેંક અને પોસ્ટના અધિકારીઓને વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતીય ચૂંટણી પંચની સૂચના અનુસાર ઉમેદવારે ફરજીયાતપણે ફેલાય તેવી માટે યોગ્ય વ્યવસ્થા કરવા પણ જણાવ્યું હતું.

આ બેઠકના આરંભે એક્ષ્પેન્ડીચર મોનીટરીંગના નોડલ અધિકારી શ્રી દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે, બેંક દ્વારા જયારે કોઈ પણ રોકડ રકમ અન્ય શાખા કે એ.ટી.એમમાં મોકલવામાં આવે ત્યારે સંપૂર્ણ વિગતો પ્રમાણપત્ર તેમજ બેંક અધિકારીના સંપર્ક નંબર આપવા ભારપૂર્વક જણાવ્યું



જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી સતીશ પટેલે જિલ્લાની વિવિધ બેંકના અને પોસ્ટના અધિકારીશ્રીઓને આપી છે.

ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાની અમલવારી માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે. આદર્શ આચાર સંહિતાની અમલવારી માટે અને કોઈ પણ નાણાંકીય લેવડ-દેવડ ખોટી રીતે ન થાય તેની પર ચાંપતી નજર રાખવા માટે આજરોજ જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી શ્રી સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી અને ચૂંટણી ખર્ચે અર્થ અલગ બેંક ખાતું ઉમેદવારી ભરવાના એક દિવસ પહેલા ખોલાવાનું છે. આ હેતુસર ઉમેદવાર આપની બેંક કે પોસ્ટમાં ખાતુ ખોલાવા આવે ત્યારે સહયોગ આપવાની સૂચના આપી હતી. તેમજ જરૂરી માહિતી ખાતુ ખોલાવતી વખતે તથા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન મળી રહે તેવી વ્યવસ્થા કરવા પણ જણાવ્યું હતું. રાજકીય પક્ષોના ખાતામા રૂ. ૧ લાખ કરતા વધુ રકમની આપ – લે થાય ત્યારે તેની જાણ અચૂક રીતે નોડલ અધિકારીને કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત બેંકમાં આવતા ગ્રાહકોમાં મતદાર જાગૃતિ હતું. તેમજ કેશવાનના કર્મચારીઓને ઓળખપત્ર આપવા માટે જણાવ્યુંહતું. તે ઉપરાંત લાંબા સમયથી સુસુપ્ત અવસ્થામાં રહેલા બેંક ખાતામાંથી રૂપિયા એક લાખથી વધુ રકમની લેવડ- દેવડ કોઈ પણ પ્રકારે કરવામાં આવે ત્યારે તેની ખાસ નોધ સાથે નોડલ અધિકારીને માહિતી આપવા જણાવ્યું હતું. ભૂતકાળમાં આરટીજીએસ દ્વારા અન્ય એકાઉન્ટ ધારકોના ખાતામાં ટ્રાન્સફર થતી ન હોય તેવા ખાતા દ્વારા કોઈ નાંણાનો વ્યવહાર એક કરતાં વધુ ખાતામાં દેખીતા કારણોસર કરવામાં આવે તે અંગે પણ નોડલ અધિકારીને જાણ કરવા જણાવ્યું હતું.

# મતદારોની સુવિધા માટે નવીન ડિઝાઈન ધરાવતી મતકુટીર

ગાંધીનગર, તા. ૮

મતદાનના દિવસે મતદાર જ્યારે મત આપવા માટે આવે ત્યારે મતદાનની ગુપ્તતા જળવાય તે માટે નવા પ્રકારની મતદાન કુટિર બનાવવામાં આવી છે. અગાઉ કાર્ડબોર્ડની બનાવેલી મતકુટિરનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ મતકુટિરના ઉપયોગ અંગે એક સમાનતા અને ગુપ્તતા જળવાય તે હેતુથી ભારતના ચૂંટણી તંત્ર દ્વારા નવેસરથી સુચનાઓ આપવામાં આવી છે.

નવી વ્યવસ્થા પ્રમાણે મતકુટિર સ્ટીલ ગ્રે કલરમાં બનાવવામાં આવશે. તે અપારદર્શક અને ફરી ઉપયોગમાં લઈ શકાય તેવી હશે. આ મતકુટિરની ત્રણ બાજુઓ રહેશે. જેનુ માપ ૨૪x૨૪x૩૦(લંબાઈ x પહોળાઈ x ઉંચાઈ) હશે. મતકુટિરની સામેની બાજુ ભારતના ચૂંટણી પંચનુ પ્રતિક, રાજ્યનું નામ, મતવિભાગનું નામ, ચૂંટણીની તારીખ, મતદાન મથકનો નંબર અને નામ વગેરે છપાયેલા હશે. જ્યારે બાકીની બે બાજુ ઉપર ચૂટણી પંચનું પ્રતિક અને “ELECTION COMMISSION OF INDIA-VOTING COMPARTMENT” એ પ્રમાણે લખાણ હશે.


અરજદારના વકીલશ્રી (રેખા જી.તપોધન)

**જાહેર નોટીસ**

**મે. ગાંધીનગરના જ્યુ. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં**

ક્રિ.પ.અ.નં. ૫૮૭/૨૦૧૭

**અરજદાર :** ઉમેદભાઈ ચંદુભાઈ રાવલજી
ઉ.વ. પુખ્ત, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
રહે. બ્લોક નં.૧૨૨/૩, ‘ચ’ ટાઈપ, સેક્ટર-૨૧, ગાંધીનગર
મુળ રહે. ૧૬૭૬, સમરથ સોસાયટી, વાણીયાવાડ,
કોલેજ રોડ, નડીયાદ, જી.ખેડા.

**વિરુદ્ધ**

**સામાવાળા :** (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા, સેક્ટર-૧૧, ગાંધીનગર
(૨) શ્રીમતી આર.જી. પટેલ કન્યા સેકન્ડરી સ્કૂલ એન્ડ
શ્રીમતી એસ. બી. પટેલ કન્યા હાયર સેકન્ડરી સ્કૂલ
કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર

**બાબત : જન્મ/મરણની નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત.**

આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અરજદારની પુત્રી નામે વિત્તલબેન ઉમેદભાઈ રાવલજીનો જન્મ તા. ૧/૫/૧૯૮૭ના રોજ પ્લોટ નં. ૭૬૪/૨, સેક્ટર-૩૦, જાગૃતિપાર્ક સોસાયટી, ગાંધીનગર ખાતે થયેલ છે. પરંતુ જે તે સમયે શરતચુકના હિસાબે તેઓની જન્મ તારીખની નોંધ થયેલ ન હોઈ જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરવા માટેનો હુકમ મેળવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પર.અરજી નં. ૫૮૭/૨૦૧૭ થી દાખલ કરેલ છે. તો તે અંગે કોઈપણ ઈસમ અગર સંસ્થાને વાંધો કે તકરાર હોય તો તેઓએ જાતે અગર તેમના માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૮/૧૨/૨૦૧૭ના રોજ કલાક ૧૧-૦૦ વાગે હાજર રહેવું અને લેખિત વાંધા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધો કે તકરાર નથી તેમ જાણી અત્રેની અદાલત આગળની ઈન્સાફી કાર્યવાહી કરી જે તે ન્યાયીક હુકમ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

આજ તા. ૭/૧૧/૨૦૧૭ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (એસ.જી. રામાણી) | (જે.ડી. ચૌધરી) | | (પ્રીતિ શાહ) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | ડે. રજીસ્ટ્રારશ્રી |
| | | | ચીફ જ્યુડી મેજી. કોર્ટ |
| | | | અમદાવાદ |